## ||ૐશ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ મહેશ્વર સ્વરૂપાય નમઃ || (૧૬)

## ભગવાન શિવના મૂર્ત સ્વરૂપ હોવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્યસાઈ બાબા એ શિવશક્તિ અવતાર છે, એ તેમણે હંમેશાં પોતાના ભક્તોને બતાવી આપ્યું છે, એટલું જ નહીં, પણ શિવ ભક્તોને અનેક વખત તેમના ઈષ્ટદેવતામાં ભગવાન બાબાના દર્શન થયા છે.

સ્વામી વામદેવ મહારાજની આ કથા ભક્તોને બોધપ્રદ થશે. મોક્ષપ્રાપ્તિની ઈચ્છા મનમાં રાખીને સર્વસંગપરિત્યાગ કરીને વામદેવ મહારાજે સંન્યાસ ગ્રહણ કર્યો હતો. જ્યારે તેમની ઉંમર ૮૫ વર્ષની હતી ત્યારે તેમના મનમાં વિચાર આવ્યો કે હવે આપણું શરીર ક્યારે પણ જર્જર થઈ શકે છે એટલે આપણો આ દેહ ગંગામાતાને અર્પણ કરવો અને મોક્ષ પ્રાપ્તિ કરવી. આ હેતુથી તેઓ કાશી આવ્યા. પરમશિવનું ધ્યાન કરી તેમણે ગંગામાં છલાંગ મારી, તે જ ક્ષણે ચમત્કાર થયો. જે કપૂરગૌર ભસ્મચર્ચિત પરમશિવનું ધ્યાન તેમણે ધર્યું હતું તેની જગ્યાએ તેમને અભય મુદ્રાવાળી, ભગવી (કેસરી) કફની, વિપુલ કેશ કલાપવાળી તેજસ્વી મૂર્તિ દેખાઈ અને થોડી ક્ષણોમાં તે અદશ્ય થઈ ગઈ. ફરીથી એક ચમત્કાર થયો તે એ કે વામદેવ મહારાજ જે ગંગાના તળિયા તરફ જતા હતા, તે અચાનક કોઈ શક્તિ વડે ગંગાના પૃષ્ઠ ભાગ ઉપર આવી ગયા અને લાકડાની જેમ વહેવા લાગ્યા. થોડું અંતર કપાયા પછી ગંગાના તે શાંત પ્રવાહમાં એક મોટી લહેર ઊઠી અને તે જોરથી ગંગાના કિનારે ધકેલાઈ ગયા. ત્યારપછી ફરી ગંગામાતા શાંત થઈ ગયાં.

પછી સ્વામી રામદેવના મનમાં વિચાર આવ્યો કે, આપણે અહીંયાં જ પદ્માસનમાં બેસીને ધ્યાન ધરતાં રહેવું એટલે જ્યારે ચોમાસામાં ગંગામાતાને પૂર આવશે ત્યારે આ દેહ ભગવાન શિવ અને ગંગામાતાને અર્પણ થઈ જશે.

તે જ રાત્રે સ્વામીભક્ત એક મોટા સેના અધિકારીને સ્વપ્ન આવ્યું, તેમાં તેમણે જોયું કે ભગવાન બાબા એક સંન્યાસીને તેમના ખોળામાં બેસાડીને લાડુ ખવડાવે છે, કોઈ નાના બાળકને ખવડાવતા હોય તેવી રીતે.

બીજે દિવસે સવારે તે સેના અધિકારી ગંગાના કિનારે ફરવા માટે ગયા, ત્યારે તેમને અચાનક સ્વપ્નમાંના સંન્યાસી દેખાયા, તે હતા સ્વામી વામદેવ મહારાજ, તેમણે દોડતા જઈને વામદેવ મહારાજને વંદન કર્યા અને ભગવાન બાબાની સ્તુતિ કરવા લાગ્યા. આ સાંભળતા જ સ્વામી વામદેવ મહારાજ બોલ્યા, મેં તને આ પહેલાં ક્યારેય જોયો નથી તો તને આ બધું

કાલ્પનિક નથી લાગતું?" ત્યાર પછી તે અધિકારીએ ભગવાન બાબાના દિવ્યરૂપનું વર્ણન શરૂ કર્યું. આ સાંભળતા જ વામદેવ મહારાજને ગઈકાલે તેમને ધ્યાનાવસ્થામાં થયેલું દર્શન યાદ આવ્યું જે આ વર્ણન સાથે પૂર્ણ સામ્ય ધરાવતું હતું.

વામદેવ મહારાજે પોતાને જ પ્રશ્ન કર્યો, " આ સાઈબાબા શિવનો અવતાર છે? 'તેમના અંતર મનમાંથી ઉત્તર મળ્યો. ' થોડો વખત આ ભક્ત સાથે વ્યતીત કર તેની પાસેથી આ પરમેશ્વર વિશે હજુ માહિતી મેળવ અને ખાતરી કરી લે."

તે પ્રમાણે સ્વામી વામદેવ મહારાજ ગંગાના કિનારે મણિકર્ણિકા ઘાટ ઉપર થોડો વખત રહ્યા. તે ભક્ત પાસેથી ભગવાન બાબાની મહત્તા સાંભળી ત્યાર પછી તેમને પણ આ ' સાઈ મહેશ્વર ' ના દર્શન લેવાની તીવ્ર ઈચ્છા જાગી કે જેમને તે પહેલાથી જ શરણે ગયા હતા.

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||